State Government Victoria Department of Education and Early Childhood Development

# વ્યવસાયિક અનુભવ

વિદ્યાર્થી, માતા-પિતા અને વાલીઓ માટેની માર્ગદર્શીકા

Work Experience - Gujarati

*'અવલોકન દ્વારા વ્યવસાય વિષયક જ્ઞાન મેળવીએ'*

## વ્યવસાયિક અનુભવ શું છે ?

વ્યવસાયિક અનુભવએ શાળાના અભ્યાસક્રમનો ભાગ છે, જ્યાં વિદ્યાર્થી ઓ મોટાભાગે પ્રથમવાર વ્યવસાયિક જીવનનો અનુભવ કરે છે. આ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ટૂંકાગાળા માટે નોકરીદાતાને ત્યાં નિયુક્તી છે, જેથી તેઓને જ્યાં નિવિષ્ટ કરવામાં આવ્યા છે તે ઉદ્યોગ અને વ્યવસાયના સ્થળ વિષયક ઊંડું જ્ઞાન આપી શકાય. પ્રાથમિક તબક્કે વિદ્યાર્થીઓને નોકરીદાતા સાથે અવલોકન દ્વારા અભ્યાસઅર્થે મૂકવામાં આવે છે - વિસ્તીર્ણ તાલિમ અથવા કુશળતાની જરૂરિયાતવાળી પ્રવૃત્તિઓ કરવા નહિં. તે નોકરીદાતાના સ્થળે કરવામાં આવે છે અને તેનો વિદ્યાર્થી ઓને ખૂબ જ લાભ થાય છે કેમકે તેના દ્વારા તેમને :

- પુખ્ત વયના લોકોની પડખે રહીને જૂથના ભાગ રૂપે કામ કરીને કામને સમજવાની
- સંખ્યાબંધ નવા કૌશલ્યો વિકસાવવાની અને તેનું આચારણ કરવાની
- વધારે સ્વનિર્ભર અને આત્મવિશ્વાસી થવાની
- શાળાના અભ્યાસક્રમ અને વ્યવસાયના સ્થળનો સંબંધ સમજવાની
- તેમનો અભ્યાસ ચાલુ રાખવાની અને/અથવા વધારે તાલિમ મેળવવાની પ્રેરણા વધારવાની
- કારકીર્દિના વિકલ્પો તપાસવાની તક મળે છે.

એક શિક્ષક નિયુક્તી દરમ્યાન જે તે વિદ્યાર્થીનો સંપર્ક કરશે અને જો માતા-પિતાને કોઇપણ ચિંતા હોય તો તેમનો શાળાને સંપર્ક આવકાર્ય છે. સંપર્કની માહિતી છેલ્લા પાના પર આપેલી છે.

## વ્યવસાયિક અનુભવ ક્યારે કરી શકાય ?

સામાન્યપણે વ્યવસાયિક અનુભવ વર્ષ ૯ અને ૧૦માં પૂર્ણ કરાય છે. સમયનો આધાર શાળા પર છે. ઘણી શાળાઓમાં ચોક્કસ સમય હોય છે, બીજી કેટલીક વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓનાં નાનાં-નાનાં જૂથો મુક્ત કરે છે અને કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓને તેમની નિયુક્તી શાળાની રજાઓમાં કરાવવા પ્રોત્સાહિત કરે છે. તથાપિ વ્યાવસાયિક અનુભવ વર્ષને અંતે આવતી રજાઓમાં ન લઇ શકાય.

વિદ્યાર્થીઓ વધુમાં વધુ ૧૦ દિવસ દરેક સત્ર દરમ્યાન અથવા વર્ષ દરમ્યાન ૪૦ દિવસ વ્યવસાયિક અનુભવ લઇ શકે છે.

## માતા-પિતા કઇ રીતે મદદ કરી શકે ?

તમારો દીકરો/દીકરી વ્યવસાયિક અનુભવ મારફતે પ્રથમ વખત વ્યવસાયિક દુનિયામાં પ્રવેશ કરે છે ; તે સમય ખૂબ જ ઉત્તેજનાપૂર્ણ હોય છે.

એવી ઘણી બાબતો છે જેમાં તમે માર્ગદર્શન આપી શકો છો :

- તમારા બાળકને, નિયુક્તીની તૈયારી બતાવવા પાછળની નોકરીદાતાની ભલમનસાઇ સમજવામાં મદદ કરો.
- તમારા બાળકને તે જે પ્રકારનું કાર્ય કરવાના છે તેની વાસ્તવિક અપેક્ષા કરવા પ્રોત્સાહિત કરો. તમારું બાળક સ્વતંત્ર કાર્ય નહીં કરી શકે, પરંતુ વ્યવસ્થિત સૂચનાઓ અપાયા પછી દેખરેખ હેઠળ સરળ કાર્યો કરી શકશે. શાળા દિવસ કરતાં આ દિવસો લાંબા હશે.
- વ્યવસાયિક અનુભવની ગોઠવણ માટેનું ફારમ ચોક્કસાઇપૂર્વક ભરી અને તરત જ શાળામાં પાછું આપો. નોકરીદાતા અને વિદ્યાર્થી બંનેને નકલ મળશે અને મૂળ નકલ શાળા રાખશે.
- તમારા બાળકના વ્યવસાયિક અનુભવને અસર કરી શકે તેવી કોઇ પણ આરોગ્ય વિષયક બાબતની શાળાને જાણ કરો.
- તમારા બાળક સાથે વ્યવસાય-આરોગ્ય અને સલામતીના મહત્ત્વ અને તેના પ્રત્યે તેમની જવાબદારીની વાતચીત કરો.
  safe@work પ્રમાણપત્ર કે જે, તેમણે બધા જ આવશ્યક વિષયો પૂર્ણ કર્યા પછી અને વ્યવસાયિક અનુભવ શરૂ કરતાં પહેલાં શાળા તરફથી એનાયત કરવામાં આવ્યું હતું તે જોઇ જવા કહો.
- તમારા બાળકને કામના સ્થળે આવન-જાવન માટેની સલામત મુસાફરીની ગોઠવણ કરવામાં મદદ કરો.
- તમારા બાળકની વ્યવસાયિક અનુભવની નિયુક્તીની ચર્ચા કરો અને કોઇપણ સંભવનીય અથવા જાણવામાં આવેલી મુશ્કેલી હોય તો તેમાં મદદ કરો.
- જો તમારું બાળક કામ પર ગેરહાજર હોય અથવા તેને નિયુક્તી વિષયક મુશ્કેલી હોય તો શાળાને તુરંત જાણ કરો.
- તમારાં બાળક સાથે વ્યવસાય અને કારકીર્દી વિષે વાતચીત કરો. તેમને શક્ય હોય તેટલા વિકલ્પો ધ્યાનમાં લેવા પ્રોત્સાહિત કરો.
- તમારા બાળકની શાળાના કારકીર્દી સંકલન કરનારની સાથે વાતચીત કરો.

પ્રત્યેક બાળક, પ્રત્યેક તક







## વિદ્યાર્થીની શું અપેક્ષાઓ છે ?

હંમેશા વ્યવસાયિક અનુભવ દરમ્યાન રસપ્રદ અને મુલ્યવાન નિયુક્તીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. મુલ્યવાન અભ્યાસના અનુભવને સુનિશ્ચિત કરવા માટે સંખ્યાબંધ ગોઠવણો કરવી પડે છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે :

- જો શક્ય હોય તો, તે પોતાની નિયુક્તી જાતે શોધે. તેમ છતાં શાળા વિદ્યાર્થીને મદદ કરી શકે છે.
- વ્યવસાયિક અનુભવની ગોઠવણ માટેનું ફારમ ભરી અને તરત જ શાળામાં પાછું આપો.
- વ્યવસાયિક અનુભવ શરૂ કરતાં પહેલાં, યોગ્ય safe@work વ્યવસાય આરોગ્ય અને સલામતીના વિષયો પૂર્ણ કરો. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- નિયુક્તીમાં હોવ ત્યારે નોકરી કરનાર જેવું વર્તન કરો. સુપરવાઇઝર તરફથી આપવામાં આવેલી બધી જ સૂચનાઓ અને નિયમોનું પાલન કરો.
- યાદ રાખો વ્યવસાયિક અનુભવ દરમ્યાન વિદ્યાર્થીઓ શાળાનું પ્રતિનિધિત્ત્વ કરે છે, પરિણામ રૂપે શાળાની નીતિઓ અને આચાર સંહિતા દરેક સમયે લાગુ પડે છે.
- નિયુક્તી દરમ્યાન શાળા દ્વારા નક્કી કરવામાં આવેલી પ્રવૃત્તિઓ પૂરી કરો.
- નિયુક્તીમાં અંગત અને લાગણીસભર માહિતીનો પણ સમાવેશ થઇ શકે છે જે ખાનગી જ રહેવી જોઇએ, એ સમજો.
- સમજો કે કાર્યાલયના બધા જ સાધનો, ટેલિફોન, ઇનટરનેટ અને ફોટો નકલોનો ઉપયોગ ફક્ત વ્યવસાયના હેતુસર જ થવો જોઇએ.
- નોકરીદાતા વિનંતી અનુસાર યોગ્ય પગરખાં/ સંરક્ષણાત્મક કપડાં/ગણવેશ પહેરો.
- નિયુક્તીનાં અંતમાં નોકરીદાતાનો પ્રતિસાદ મેળવો અને તેમનો આભાર માનો.

## વેતન

વિદ્યાર્થીઓના વેતનનો લઘુત્તમ દર એક દિવસના $૫ છે.

જો વિદ્યાર્થીઓની વ્યવસાય નિયુક્તી એક કોમનવેલ્થ ખાતામાં અથવા કોમનવેલ્થ કાયદા અંતર્ગત સ્થપાયેલા એક મંડળમાં, એક શૈક્ષણિક સંસ્થા, સખાવતી અથવા બીન-નફાકારક સામુહિક કલ્યાણમંડળમાં થઇ હશે તો તેમને વેતન આપવામાં આવશે નહિ.

## અક્ષમ વિદ્યાર્થીઓ

અક્ષમ વિદ્યાર્થીઓના વ્યક્તિગત અભ્યાસક્રમ અંતર્ગત ચોક્કસ કૌશલ્યો વિકસાવવા વધુ સમયની જરૂર છે એવું જો નક્કી કરવામાં આવે તો તેમનો વ્યવસાયિક અનુભવ લંબાવી શકાય છે.

## નોકરીદાતાના શું કર્તવ્યો છે ?

બધાં જ નોકરીયાતોની જેમ જ, વિદ્યાર્થી ઓને પણ, સલામત અને ભેદભાવ વગરના વ્યવસાયના સ્થળોનું નિયામન કરતા રાજ્ય અને કેન્દ્રના બધા જ કાયદાઓમાં આવરેલા છે. વ્યવસાયના સ્થળોએ વ્યવસાય આરોગ્ય અને સલામતીના બધાં જ નિયમોનું પાલન કરવું અને તમારા બાળકને આવશ્યક સૂચનો અને પૂરતી દેખરેખ આપવી. તાલિમ અને દેખરેખ, નિયુક્તી દરમ્યાન તમારા બાળક પાસે જેવા કામોના અવલોકન અથવા અમલમાં મુકવાની આશા રાખવામાં આવતી હોય તેને અનુરૂપ હોવા જોઇએ. જો તમારું બાળક નિયુક્તી દરમ્યાન ઇજા પામે તો, નોકરીદાતાએ તમને અથવા વાલીને અને શાળાને જેમ બને તેમ જલ્દી સંપર્ક કરવો.

## વ્યવસાયિક અનુભવ

*'વ્યવસાય વિષયક જ્ઞાન મેળવીએ'*

વધારે માહિતી માટે, તમારી સ્થાનિક શાળાનો સંપર્ક કરો.